# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોટામાં હવાઈ જોડાણ ઝડપી અને વ્યાપક વિકાસ તરફ દોરી જાય છે.
2. ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે દેશભરમાં અતિક્રમણ અને ઘૂસણખોરી સામે કડક કાર્યવાહી ચાલી રહી છે.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન રાજ્ય સરકાર દ્વારા પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળતા પર નિરાશા વ્યક્ત કરી.
4. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે સચોટ મતદાર યાદીઓ લોકશાહીનો પાયો છે.
5. પશ્ચિમ એશિયામાં લશ્કરી સંઘર્ષના આઠમા દિવસે પણ અમેરિકા, ઇઝરાયલ અને ઈરાને હવાઈ અને ડ્રોન હુમલાઓ ચાલુ રાખ્યા.
6. ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારત આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે ફાઇનલ મેચ રમશે.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM- WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આ પ્રદેશમાં હવાઈ જોડાણ ઝડપી અને વ્યાપક વિકાસ તરફ દોરી જાય છે. આજે નવા કોટા-બુંદી ગ્રીનફિલ્ડ વિમાનીમથકના શિલાન્યાસ સમારોહમાં એક વિડીયો સંદેશમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે 2014 પહેલા ભારતમાં આશરે 70 વિમાનીમથક હતા, પરંતુ હવે આ સંખ્યા વધીને 160 થી વધુ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે કોટા વિમાનીમથક આ પ્રદેશ માટે પ્રગતિના નવા દરવાજા ખોલશે.

( BYTE : PM CONNECTIVITY KOTA )

આ પ્રસંગે, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે કોટા દાયકાઓથી ગ્રીનફિલ્ડ વિમાનીમથકની માંગ કરી રહ્યું હતું, અને હવે આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ જણાવ્યું હતું કે તેમની સરકાર ઝડપથી પોતાના વચનો પૂરા કરી રહી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે વિમાનીમથક પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થશે, કાર્યક્રમ પહેલા, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કોટા-બુંદી ગ્રીનફિલ્ડ વિમાનીમથકનો શિલાન્યાસ કર્યો હતો.

# PRIME MINISTER - DELHI PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં આશરે 33 હજાર 500 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ આશરે 18 હજાર 300 કરોડ રૂપિયાના દિલ્હી મેટ્રો પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

શ્રી મોદી દિલ્હી મેટ્રોના બે નવા કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. આમાં આશરે 12.3 કિલોમીટર લાંબા મજલિસ પાર્ક-મૌજપુર બાબરપુર-પિંક લાઇન કોરિડોર અને આશરે 9.9 કિલોમીટર લાંબા દીપાલી ચોક-મજલિસ પાર્ક-મેજેન્ટા લાઇન કોરિડોરનો સમાવેશ થાય છે. આ મેટ્રો એક્સટેન્શનથી દિલ્હીના ઘણા વિસ્તારોના રહેવાસીઓને ફાયદો થશે.

# PRIME MINISTER - CONGRATULATIONS - NEPAL

નેપાળના 165 મતવિસ્તારોમાંથી 55 મતવિસ્તારોના પરિણામો જાહેર થયા અને બાકીના મતવિસ્તારોમાં મતગણતરી ચાલુ છે.

રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ સિસ્ટમ હેઠળ 76 મતવિસ્તારોમાં આગળ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નેપાળના લોકો અને સરકારને ચૂંટણીના સફળ અને શાંતિપૂર્ણ સંચાલન બદલ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ તેમના નેપાળી બહેનો અને ભાઈઓને આટલા ઉત્સાહ સાથે તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરતા જોઈને ખુશી વ્યક્ત કરી હતી.

# UTTARAKHAND - AMIT SHAH

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે દેશભરમાં અતિક્રમણ અને ઘૂસણખોરી સામે કડક કાર્યવાહી ચાલી રહી છે. તેમણે ઉત્તરાખંડ સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે હરિદ્વારમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતાં આમ જણાવ્યુ હતું.

આ પ્રસંગે, શ્રી શાહે રાજ્ય માટે એક હજાર એક સો કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. નાગરિકતા સુધારા કાયદાનો ઉલ્લેખ કરતા, શ્રી શાહે કહ્યું કે ધાર્મિક અત્યાચારનો સામનો કરીને ભારત આવેલા લોકોને નાગરિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી આશરે 200 લોકોને હરિદ્વારમાં નાગરિકતા આપવામાં આવી છે.

( BYTE : AMIT SHAH )

# GOYAL - RAISINA DIALOGUE

કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારતે કોઈપણ વેપાર કરારમાં હિતધારકોની સંવેદનશીલતા સાથે સમાધાન કર્યું નથી. નવી દિલ્હીમાં રાયસીના સંવાદ 2026 ના ત્રીજા અને અંતિમ દિવસે શ્રી ગોયલે જણાવ્યું હતું કે સરકારે તમામ વેપાર કરારોમાં ભારતના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કર્યું છે, જેનાથી વ્યાપક સહયોગના દ્વાર ખુલ્યા છે. રાયસીના સંવાદ અંગે, શ્રી ગોયલે કહ્યું કે આ મંચ ભારતને ગૌરવ અપાવી રહ્યું છે અને વૈશ્વિક મંચ પર તેની ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.

# PRESIDENT - WEST BENGAL PROTOCOL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન સિલિગુડીમાં 9મા આંતરરાષ્ટ્રીય સંથાલ આદિવાસી સંમેલનમાં રાજ્ય સરકાર દ્વારા પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળતા પર નિરાશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ પછી લોકો સાથે વાત કરતા, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે પ્રોટોકોલ મુજબ રાષ્ટ્રપતિ જ્યારે રાજ્યની મુલાકાત લે છે ત્યારે મુખ્યમંત્રીએ હાજર રહેવું જરૂરી છે.

રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે તેમને જાણવા મળ્યું છે કે આદિવાસી સમુદાયના ઘણા સભ્યોને સંથાલ સંમેલનમાં હાજરી આપતા અટકાવવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે વધુ લોકોને સમાવવા માટે પરિષદ માટે પૂરતું સ્થળ પૂરું પાડ્યું ન હતું.

# MIZORAM - VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે મિઝોરમ શાંતિ કરારે રાજ્યમાં લાંબા ગાળાની શાંતિ અને વિકાસ સુનિશ્ચિત કર્યો છે. આજે મિઝોરમ યુનિવર્સિટીના 20મા દીક્ષાંત સમારોહમાં તેમણે કહ્યું કે મિઝોરમ હવે દેશના સૌથી શાંતિપૂર્ણ રાજ્ય તરીકે જોવામાં આવે છે. શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે આ કરારથી માત્ર સંઘર્ષનો અંત આવ્યો નથી પરંતુ આ ક્ષેત્રમાં ટકાઉ વિકાસનો પાયો પણ નાખ્યો છે.

# CHIEF ELECTION COMMISSIONER - VOTER LIST

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે સચોટ મતદાર યાદીઓ લોકશાહીનો પાયો છે અને મતદાર યાદીઓના ખાસ, ઊંડાણપૂર્વકના સુધારાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે લાયક મતદારો તેમના મતદાનના અધિકારથી વંચિત ન રહે.

કોચીમાં કેરળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કર્યા પછી, શ્રી જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે રાજ્યભરમાં 30 હજાર 471 મતદાન મથકો હશે, જેમાં આશરે પાંચ હજાર નવા મતદાન મથકો હશે, અને તમામ મતદાન મથકો પર વેબકાસ્ટિંગ કરવામાં આવશે. 397 મતદાન મથકોનું સંચાલન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા કરવામાં આવશે, અને 790 થી વધુ મોડેલ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે.

# WEST ASIA – CONFLICT- 1

પશ્ચિમ એશિયામાં લશ્કરી સંઘર્ષના આઠમા દિવસે પણ પરિસ્થિતિ તંગ છે. અમેરિકા, ઇઝરાયલ અને ઈરાને હવાઈ અને ડ્રોન હુમલાઓ ચાલુ રાખ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલને 15 કરોડ ડોલરથી વધુ મૂલ્યના શસ્ત્રોના વેચાણને મંજૂરી આપી છે.

આજે વહેલી સવારે, ઇરાનની રાજધાની તેહરાન પર હવાઈ હુમલો થયો. એક વીડિયોમાં તેહરાનના મેહરાબાદ વિમાનીમથક પર આગની જ્વાળાઓ દેખાઈ. પૂર્વી અને પશ્ચિમ તેહરાનમાં પણ વિસ્ફોટ અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા.

સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત અમીર સઈદ ઇરવાનીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઇઝરાયલી હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં એક હજાર 332 લોકો માર્યા ગયા છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં અને ઈરાને બિનશરતી શરણાગતિ સ્વીકારવી પડશે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે જણાવ્યું હતું કે અમેરિકા અને તેના સાથીઓ ઈરાનને પતનથી બચાવવા માટે શક્ય તેટલું બધું કરશે.

આજે સવારે, ઈરાને જોર્ડન સ્થિત અમેરિકન ટર્મિનલ હાઇ એલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ સિસ્ટમના રડાર ઘટકનો નાશ કર્યો હોવાના અહેવાલ છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે અમેરિકાની બિનશરતી શરણાગતિ માટેની માંગ એક સ્વપ્ન સમાન છે. તેમણે ગલ્ફ

દેશો પર ઈરાનના હુમલાઓ પર પણ દુ:ખ વ્યક્ત કર્યું. રશિયાના રાષ્ટ્રપતિ  પુતિને પણ શ્રી પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરી હતી.

આજે દુબઈમાં અચાનક મિસાઈલ હુમલાના અહેવાલો સામે આવ્યા, જ્યારે અબુ ધાબીમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા.

દરમિયાન, સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનના આર્મી ચીફ, ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરી છે.

# RUSSIA-UKRAINE ATTACK

યુક્રેનના ખાર્કિવમાં પાંચ માળની રહેણાંક ઇમારત પર રશિયન મિસાઇલ હુમલામાં સાત લોકો માર્યા ગયા અને દસ ઘાયલ થયા. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આ હુમલાની નિંદા કરી અને આંતરરાષ્ટ્રીય સમુદાયને જવાબ આપવા હાકલ કરી. શ્રી ઝેલેન્સકીએ કહ્યું કે ગઈકાલે રાત્રે રશિયાએ યુક્રેનના કિવમાં ઉર્જા ઉત્પાદન કેન્દ્રો અને સાત અન્ય મુખ્ય વિસ્તારોને નિશાન બનાવીને 29 મિસાઇલો અને 480 ડ્રોન છોડ્યા. હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ 19 મિસાઇલો અને 453 ડ્રોનને અટકાવ્યા. આ હુમલાઓએ રેલ માળખાને નુકસાન પહોંચાડ્યુ હતું.

# CRICKET

ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારત આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે ફાઇનલ મેચ રમશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. આવતીકાલે અમદાવાદમાં મેટ્રો ટ્રેન પણ રાત્રે 12.30 વાગ્યા સુધી ચાલુ રહેશે.

દરમિયાન, ભારતીય રેલવેએ મેચ જોવા અમદાવાદ આવતા લોકો માટે નવી દિલ્હીથી સાબરમતી વચ્ચે એક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. રેલવેના અધિકારીઓએ જણાવ્યું, આજે રાત્રે પોણા 12 વાગ્યે નવી દિલ્હીથી આ ટ્રેન ઉપડીને આવતીકાલે બપોરે અઢી વાગ્યે સાબરમતી પહોંચશે.

# PAKISTAN - COURT

પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી અદાલતે આજે 9 મે, 2023 ના રોજ થયેલી હિંસા અને તોડફોડ સંબંધિત કેસમાં તહરીક-એ-ઇન્સાફ પાર્ટીના 47 નેતાઓને 10 વર્ષની જેલ અને પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ઇસ્લામાબાદમાં પૂર્વ પ્રધાનમંત્રી અને પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફના સ્થાપક ઇમરાન ખાનની ધરપકડ બાદ પીટીઆઈના નેતાઓ અને કાર્યકરોએ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો કર્યા હતા. વિરોધીઓના એક જૂથે રાવલપિંડીમાં આર્મી ચીફના મુખ્યાલયમાં તોડફોડ કરી હતી. ઇમરાન ખાન અને પૂર્વ વિદેશમંત્રી શાહ મહમૂદ કુરેશી સહિત 118 અન્ય લોકો પણ આ કેસમાં આરોપી છે.